October 2020

PRABHAT EDUCATION FOUNDATION

Issue No. 11

# Roshni

**Reaching Out to Serve Humanity with New Initiatives**

## અમારા વિશે

પ્રભાત એજયુકેશન ફાઉન્ડેશન સંસ્થા કે જે 2003થી અમદાવાદના વંચિતવર્ગના સ્પેશિયલ નીડ બાળકો સાથે કામ કરે છે. પ્રભાત બાળકો અને પુખ્ત વયે માનસિક અને શારીરિક પડકારોની સેવા કરે છે, તેમની સંપૂર્ણ સંભાવના પ્રાપ્ત કરવામાં મદદ કરે છે.સંસ્થા 3 પ્રોગ્રામ દ્વારા કાર્ય કરે છે:-પ્રભાત સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન, એડવોકેસી દ્વારા નેટવર્કિંગ. પ્રભાતે એક બાળક સાથે કામ શરૂ કર્યું હતું અને આજે તેનો વિકાસ અમદાવાદમાં વિશેષ જરૂરિયાતો ધરાવતા 3000 થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો, પડોશીઓ અને સમુદાયોને સ્પર્શે છે.

## અનુભવો...

બાળક સાદાબે વર્ષ 2016માં પ્રભાતના વટવા સેન્ટરમાં એડમિશન લીધું. શરૂઆતના સમયમાં સેન્ટર પર ઈ-રેગ્યુલર આવતું હતું અને તેનો આવવાનો સમય પણ નિશ્ચિત રહેતો ન હતો. બાળકમાં સ્વછતાનો પણ અભાવ જોવા મળતો હતો. આ ઉપરાંત બાળક વર્ગખંડમાં કરાવવામાં આવતી એક્ટિવિટીમાં પણ ઓછો સહકાર આપતો હતો અને ગ્રુપ એક્ટીવીટીમાં સામેલ થતો ન હતો. તે વર્ગના અન્ય બાળકો સાથે પણ કોમ્યુનિકેશન પણ કરતો ન હતો. ત્યારબાદ ધીરે-ધીરે સ્કુલનો પોઝિટિવ માહોલ અને કરાવવામાં આવતી એક્ટીવીટીમાં બાળકને રસ પડવા લાગ્યો જેના પરિણામ સ્વરૂપે બાળકે નિયમિત અને નિશ્ચિત સમયે સ્કુલ પર આવવાનું શરુ કર્યું. ધીરે-ધીરે વર્ગખંડમાં કરાવવામાં આવતી એક્ટીવીટીમાં સહકારપૂર્ણ ભાગ લેતા થયો. ધીમે-ધીમે બાળક જવાબદારી સાથે કાર્ય કરતો થયો. જેમાં બાળકને પ્લાન્ટને પાણી પીવડાવવાની જવાબદારી સોંપવામાં આવી આ રીતે બાળકમાં જવાબદારીના ગુણોનો વધુ વિકાસ થવા લાગ્યો. બાળક પોતે કાર્ય પૂર્ણ થતા પોતાનો સામાન, ખુરશી પાછું પોતાની જગ્યા પર મુકવા જેવા કાર્યો પણ કરવા લાગ્યો.

કોરોનાના કારણે લોકડાઉનના સમયમાં જયારે સ્કૂલો બંધ છે ત્યારે બાળક ઘરે ગુમસુમ રહેવા લાગ્યો અને સેલ્ફ ઇન્નજરી જેવી વર્તનની સમસ્યાઓ પણ વધવા લાગી અને બધા રસ્તા બંધ હોવા છતાં બાળક કોઈ પણ રસ્તેથી સેન્ટર સુધી આવીને સેન્ટરના પગથિયાં પર બેસી રહેતો અને પોતાના ઘરે આખો દિવસ ગુમસુમ બેસી રહેતો હતો.

લોકડાઉન ખુલ્યા બાદ સ્કુલ દ્વારા બાળકોને આપવામાં આવતી હોમ-એક્ટીવીટી જે વાલીને સમજાવીને બાળક સાથે કાર્ય કરાવવામાં આવતું હતું તેમાં બાળકને ખૂબ જ રસ પડતા બાળક જે ઘરે ગુમસુમ બેસી રહેતો હતો તેની જગ્યાએ હવે આપેલી એક્ટીવીટીમાં રહેવા લાગ્યો છે.

By: Kashmira Upadhyaya
Special Educator

**યુનિક ઇન્ટરવેન્શન**

દિવાળી એ દરેક જગ્યાએ ઉજવાતો તહેવાર છે.આ તહેવાર અંધકાર ઉપર પ્રકાશની જીતનું પ્રતીક છે. દરેકે દરેક લોકો આ તહેવાર ઉજવાતા હોય છે. ઘરે, ઓફિસે, સંસ્થામાં, ઇન્સ્ટિટ્યૂટમાં પણ આ તહેવારની ઉજવણી થતી હોય છે. તે જ રીતે પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન પણ ખૂબ જ સરસ રીતે દિવાળીનો તહેવાર ઉજવે છે. દિવાળી આવવાના એક મહિના પહેલાથી જ સંસ્થામાં ઉજવણી શરૂ થઇ જતી હોય છે. સંસ્થાના સ્પેશિયલ નીડ બાળકો દ્વારા દીવડા બનાવવામાં આવતા હોય છે. શિક્ષકો દ્વારા સેન્ટરને શણગારવામાં આવે છે. પરંતુ આ વર્ષે કોરોનાના કારણે જયારે બાળકો સેન્ટર પર આવી શકતા નથી ત્યારે શિક્ષકોએ નક્કી કર્યું કે અમારા બાળકોએ અમને ઘણી કુશળતા શીખવી છે અને તેમાંની એક છે માટીકામ. તે પછી શિક્ષકોએ નક્કી કર્યું કે આ દિવાળીમાં અમે બાળકોની પાસેથી ઓનલાઇન માટીકામ શીખીને દીવડા બનાવીને પરંપરા મુજબ દીવડાનું વિતરણ કરીશું. પછી શિક્ષકોએ પેરેન્ટ્સને મદદ માટે બોલાવ્યા અને તેઓએ ભેગા મળીને દીવડાને કલર પૂરીને સરસ રીતે તૈયાર કરીને પેકેટ્સ બનાવ્યા. આમ છતાં બાળકો દ્વારા આ વર્ષે દીવડા બનાવ્યા ન હોવા છતાં પણ આખી પ્રક્રિયામાં તેમનો સ્પર્શ છે અને આપણે પરંપરાને ગૌરવ સાથે ચાલુ રાખી છે.

https://www.youtube.com/watch?v=384D9shU7J8

**મુબારક હો!**

"બાર બાર દિન યે આયે,
તુમ જીઓ હજારો સાલ, સાલ કે દિન હો હજાર,
હેપ્પી બર્થ ડે ટૂ યુ,
હેપ્પી બર્થ ડે ટૂ યુ."
પ્રભાત ટીમની જન્મદિન નિમિત્તે ખૂબ-ખૂબ શુભેછા.



09th Nov., હાર્દિકભાઈ



22nd Nov., શૈલેષભાઇ



24th Nov., કવિથાબેન

https://www.youtube.com/channel/UCe1oxuBWMDvyCRk2EPzzjlA

https://www.instagram.com/prabhat_education_foundation/

https://www.facebook.com/Prabhateducationfoundation/

મંથલી અપડેટ

1) ઓક્ટોબર 2020માં સંસ્થાની બીજી બોર્ડ-મીટીંગ ઓનલાઇન ઝૂમ પ્લેટફોર્મ પર રાખવામાં આવી. સંસ્થાના દરેક ટ્રસ્ટી, એકાઉન્ટન્ટ, ઓડિટર અને ટીમ મેમ્બર્સ બોર્ડ-મીટીંગમાં સામેલ થયા હતા. મીટીંગમાં ફાઇનાન્સ અને સંસ્થામાં થતી પ્રવૃત્તિઓને લગતી ચર્ચા કરવામાં આવી. સંસ્થા માટે ફંડ-રાઈસિંગ તરફ ધ્યાન દોરવાનું ટ્રસ્ટીઓએ સજેશન આપ્યું છે.

2) Atlas of the future કરીને એક ઓનલાઇન પ્લેટફોર્મ છે, જ્યાં તેઓએ આપણી સંસ્થા અંગેની જાણકારી અને તેની સાથે સંસ્થાનું લોકેશન પોતાના પ્લેટફોર્મ પર મુકેલ છે. તે ખરેખર એક ગર્વની વાત છે! Atlas of the future તે સમગ્ર વિશ્વમાં લોકોના ટેલેન્ટ અને ઉર્જાથી પ્રેરિત છે જે મોટા પડકારોને સુધારવા અને ભવિષ્ય વધુ સારું બનાવવા માટે કાર્ય કરે છે. બાર્સિલોના અને લંડનમાં N.G.O લોન્ચ થવાના ભાગ રૂપે, અમારું મિશન “ભવિષ્યનું લોકશાહીકરણ” માટેનું છે. જેના કારણે દુનિયામાં લોક્શાહીકરણ થાય અને દરેકને તે અંગેની જાણકારી મળી રહે.

3) સંસ્થામાં દરેક વર્ષે વોલિયન્ટર્સ આવે છે અને કોઈના કોઈ પ્રોજેક્ટ અથવા કેમ્પીંગ પર કામ કરે છે. તો આ વખતે દિવાળીના સમયે વોલિયન્ટર્સે એક દિવાળી કેમ્પીંગ શરુ કર્યું જેમાં બાળકો માટે અલગ-અલગ વસ્તુઓનું ડોનેશન આવ્યું. તે કેમ્પીંગને વોલિયન્ટર્સ દ્વારા ઓનલાઇન હેન્ડલ કરવામાં આવતું હતું. કોમ્યુનિટીમાં પોતાના ઘરેથી સ્પેશિયલ નીડ બાળકોને મદદ કરવાના હેતુથી કેમ્પીંગ શરુ કર્યું હતું. આ કેમ્પિંગના કારણે સંસ્થામાં બાળકો માટે ડોનેશન આવ્યું જેમાં કપડાં, ચપ્પલ, બૂક્સ, સ્ટેશનરી, રમકડાં જેવી વસ્તુઓનો સમાવેશ થાય છે. બાળકોના પેરેન્ટ્સને સંસ્થાના સેન્ટર પર બોલાવીને તેનું વિતરણ કરવામાં આવ્યું છે.

4) ALIMCO દ્વારા સંસ્થાના બાળકો માટે આપવામાં આવેલ સાધનોનો કેમ્પ રાખવામાં આવ્યો હતો. જેમાં બાળકોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને સાધનોનું વિતરણ કરવામાં આવ્યું. જેમાં વ્હીલચેર, C.P.ચેર, કાન માટેનું મશીન, M.R.કીટ, V.I.કીટ તેમજ ટેબ્લેટ આપવામાં આવ્યા હતા.

https://www.alimco.in/

5) કોરોનાના સમય દરમ્યાન સંસ્થાની સહાયક રિવરસાઈડ સ્કૂલના શિક્ષકમિત્રો દ્વારા સંસ્થાના જરૂરિયાતમંદ બાળકોને 60 ફૂડ કીટ આપવામાં આવી. "જોય ઓફ ગીવીંગ" વીક નિમિત્તે તે મનાવવામાં આવ્યું.

6) ડો. રુઆબ ખેમચંદાની કે જે ભૂતકાળમાં સંસ્થામાં વોલિયન્ટર્સ રહી ચુક્યા છે. તેઓએ પોતાના Ph.D. થીસીસના ભાગરૂપે લાંભા વિસ્તારમાં સંસ્થાના પેરેન્ટ્સ સાથે ડોમેસ્ટીક વાયોલન્સ પર કાઉન્સિલિંગ અને વર્કશોપ સેશન કરેલ છે.

7) N.I.D અમદાવાદના સ્ટુડન્ટ્સ સાથે સંસ્થા કામ કરી રહી છે. તે સમય દરમ્યાન સ્ટુડન્ટ્સે તેમના પ્રોજેક્ટના ભાગરૂપે સંસ્થાના શિક્ષકો સાથે વાતચીત કરી A.D.H.D બાળકો માટેનું યુનિક ડિઝાઈનનું કલાસરૂમ ટેબલ બનાવ્યું છે. સંસ્થાના જાગૃતિબેન સાથે ઓનલાઇન માર્ગદર્શન મેળવીને બાળકોની જરૂરિયાત પ્રમાણે ડિઝાઇન કરવામાં આવી છે.

સંસ્થાના વટવા સેન્ટરના એક સ્ટુડન્ટ હિતેષનુ તા. 1/11/2020ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેમની આત્માને ભગવાન શાંતિ આપે!



Photo Gallery



















સાદાબ

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન તરફથી દરેકને દીપાવલીની શુભકામના...
નૂતનવર્ષાભિનંદન...

**Contact Details:-**

A-4, Sujal Apartment,
Opp. Satellite Bungalows, Ramdevnagar,
Ahmedabad-380015
**Phone:** +91-79-48903054;
**Mobile:** +919825009427
**Email:** prabhat@prabhatedu.org
**Website:** www.prabhateducationfoundation.org